Extra No. 282

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, AUGUST 7, 2025 / SRAVANA 16, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંક: LIB/SOU/ટાવર/જાહેરનામું/૨૧૯૦/૨૦૨૫, તા.૦૬/૦૮/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા.૧૯/૦૭/૨૦૨૪

// જાહેરનામું //

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૯૮૩૯ થી ૯૯૧૩/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી જણાવ્યા મુજબ ગરૂડેશ્વર તાલુકાના એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ તેમજ વિવિધ પ્રવાસન સ્થળો આવેલ છે. સદરહુ વિસ્તારમાં ઘણીવાર સ્થાનિક લોકો દ્વારા તેઓની વિવિધ માંગણીઓને લઈને ટાવર ઉપર ચડી વહીવટીતંત્ર પર દબાણ લાવવામાં આવે છે. જેથી આવી ઘટનાઓ અટકે તે માટે વિવિધ કંપનીઓના ટાવરોની આસપાસ ફેન્સીંગ તથા અન્ય વ્યવસ્થા કરવા અંગે તથા ટાવર પર અધિકૃત વ્યક્તિઓ સિવાય અન્ય કોઈ વ્યક્તિ ન ચડે તે માટે જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

// જાહેરનામું //

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા વંચાણ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) જિલ્લામાં આવેલ વીજ કંપનીના ટાવર, નેટવર્ક સપ્લાયના ટાવર તેમજ અન્ય ટાવરો પર સંબંધિત કંપની/એજન્સીઓએ ફેન્સીંગ કરાવી અનધિકૃત વ્યક્તિઓ ટાવરના વિસ્તારમાં ન પ્રવેશી શકે તે માટે લોક સિસ્ટમ તેમજ સિક્યુરીટી ગાર્ડ રાખવાના રહેશે.

(૨) જિલ્લામાં આવેલ વીજ કંપનીના ટાવર, નેટવર્ક સપ્લાયના ટાવર તેમજ અન્ય ટાવરો પર સંબંધિત કંપની/એજન્સીઓના અધિકૃત વ્યક્તિઓ સિવાય અન્ય વ્યક્તિઓના ચડવા પર પ્રતિબંધ રહેશે. સંબંધિત કંપની/એજન્સીઓએ તે મુજબની સૂચનાવાળા બોર્ડ તમામ ટાવરો પર લગાડવાના રહેશે.

// વિસ્તાર //

આ જાહેરનામું નર્મદા જિલ્લા સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી તા.૧૦/૦૮/૨૦૨૫ થી તા.૦૯/૧૦/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૦૬-૦૮-૨૦૨૫.

સી.કે.ઉધાડ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.09.22 15:48:02 IST